**નવી સેવા વર્ષ ૨૦૧૭-૧૮**
**૦૪(ચાર) કમિશ્નરેટ વિસ્તારમાં૦૪ (ચાર) નવી હોમગાર્ડઝ કચેરીઓ તેના મહેકમ સાથે શરૂ કરવા વહીવટી મંજૂરી બાબત.**

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૬/૧૮૬૯/ફ**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૧૦/૦૫/૨૦૧૭

**વંચાણે લીધાઃ-**

(૧) ડાયરેકટર જનરલ,હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદનો તા.૦૮/૧૨/૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃકજ/વહટ/૧૧૮૦/૧૮૩૩/૨૦૧૬.

**ઠ રા વઃ-**

ડાયરેકટર જનરલ હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય હેઠળ૦૪(ચાર) કમિશ્નરેટ વિસ્તારમાં૦૪ (ચાર) નવી હોમગાર્ડઝ કચેરીઓ તેના મહેકમ સાથે શરૂ કરવા અંગે વર્ષ ૨૦૧૭-૧૮ ની નવી સેવા તરીકે રૂ.૮૨.૭૬ (લાખ)ની જોગવાઈને ૦૪ હોમગાર્ડઝ કચેરીઓ સ્થાપવા તથા તેમાં કોમ્પ્યુટર, ઝેરોક્ષ મશીન, ફેક્સમશીન, વાહન અને અન્ય કચેરી જરૂરિયાત તેમજ ફર્નિચર માટે રૂ.૫૧.૦૦ (લાખ) તથા તેના જરૂરી મહેકમ અંગે માટે રૂ.૩૧.૭૬(લાખ)એમ મળીને કુલ ૮૨.૭૬(લાખ)ની જોગવાઈ અંદાજપત્રમાં સમાવેશ કરવા સૈધ્ધાંતિક સંમતિ મળેલ હતી. પ્રથમ તબક્કે નીચે મુજબની જગ્યાઓ તારીખ ૨૮/૦૨/૨૦૧૮ સુધી ઉભી કરવાની મંજૂરી દર્શાવેલ શરતોને આધીન આપવામાં આવે છે.

ગૃહ વિભાગની બજેટ સીલીંગની મર્યાદા ધ્યાને લઈ પ્રસ્તુત બાબતે પ્રાથમિક તબક્કે અંદાજપત્રમાં રૂ.૧૦.૦૦(લાખ)ની જોગવાઈની મંજૂરી અપાયેલ હોઈ ૦૪(ચાર) કમિશ્નરેટ વિસ્તારમાં૦૪ (ચાર) નવી હોમગાર્ડઝ કચેરીઓ તેના મહેકમ સાથે શરૂ કરવા અંગેની નવી સેવા માટે રૂ.૧૦.૦૦(લાખ)ને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | અમદાવાદ પશ્ચિમ | વડોદરા રૂરલ | સુરત રૂરલ | રાજકોટ રૂરલ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કમાન્ડન્ટ વર્ગ-૧ (માનદ) | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ |
| ૨ | સબ ઈન્સ્પેકટર ઈન્સ્ટ્રકટર, વર્ગ-૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ |
| ૩ | સિનીયર કલાર્ક, વર્ગ-૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ |
| ૪ | જુનીયર કલાર્ક, વર્ગ-૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ |
| ૫ | આર્મરર, વર્ગ-૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ |
| કુલઃ- | | ૦૫ | ૦૫ | ૦૫ | ૦૫ | ૨૦ |

Scanned by CamScanner

શરતો:-

૧. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટ મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોને અમલ કરવાનો રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૮. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.

૯. સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦(પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૧૦. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૧૧. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૨. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧૩. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૪. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ

Scanned by CamScanner

લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૫. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૬. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૭. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ–ટે ન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતોવખતની સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૮. વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ–૮/ઘ ની જોગવાઈ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

૧૯. બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૦૫/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની વિભાગની જવાબદારી રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સચિવશ્રી(ખર્ચ) નાણા વિભાગની તા.૩૧/૦૩/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અ ન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઉમેશ શર્મા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

- ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, શાહીબાગ, અમદાવાદ.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ સચિવાલય ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ .
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા ગૃહ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.

Scanned by CamScanner